# રાજ્યમાં ગાંધીનગર સૌથી ઠંડું

ગાંધીનગર, તા.૩૦

અમદાવાદ શહેર અને રાજ્યભરમાં હવે ઘણા વિસ્તારોમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ થયો હતો. અહીં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૨ ડિગ્રી નોંધાયું હતું જ્યારે નલિયામાં ૧૨.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં ૧૩ અને અમદાવાદમાં ૧૩.૩ ડિગ્રી સુધી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ દિલ્હી અને ઉત્તર ભારતમાં ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા આજે ખોરવાઈ ગઈ હતી. આ સ્થિતિ ઉત્તરભારતમાં આગામી બે દિવસ યથાવત રહી શકે છે. અમદાવાદ શહેરમાં પણ હવે મોડી સાંજે પણ લોકો ગરમ વસ્ત્રોમાં જ નજરે પડે છે.

ઠંડીની શરૂઆત થયા બાદ સવારમાં વોકીંગ ઉપર જનાર લોકો અને કસરતની પ્રવૃત્તિમાં રહેલા લોકો પણ ગરમ વસ્ત્રોમાં જોઈ શકાય છે. વાયરલ ઈન્ફેકશનમાં કેસોમાં વધારો થયો છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. નીચલી સપાટીએ ઠંડા પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે. તંત્ર તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી કોલ્ડ વેવ માટે જારી કરાઈ નથી. બિમારીઓની સિઝનની પણ શરૂઆત થઈ ચુકી છે. વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. નાના બાળકો બિમારીના સંકજામાં આવી રહ્યા છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સવારના ગાળામાં લોકો હવે સાવચેતીના પગલાંરૂપે ગરમ વસ્ત્રોમાં જ નિકળવાનું પસંદ કરી રહ્યા છે. સિઝન બદલાવવાના કારણે સતત તાપમાનમાં ફેરફારના કારણે હાલમાં શરદી-ઉદરસ અને ફુડ પોઈઝિંગના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. બદલાતી સિઝનમાં શરદી, ઉધરસની તકલીફ વધારે જોવા મળે છે. અન્ય જગ્યાઓ ઉપર પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. જાણકાર લોકો માને છે કે, તાપમાનમાં સતત ફેરફારના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. દેશના કેટલાક ભાગોમાં તીવ્ર ઠંડીની શરૂઆત થઈ ચુકી છે. ખાસ કરીને રાજસ્થાનમાં જોરદાર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ત્યાં બપોર સુધી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

# કેશલેસ વ્યવહાર બાબતે શ્રેષ્ઠ કામગીરી કરનારને પ્રોત્સાહન અપાશે

મહેસાણા, તા. ૩૦

નીતી આયોગના મુખ્ય અધિકારી અમિતાભ કાન્ત દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં દેશના ૧૭૦ જિલ્લા કલેકટરો અને જિલ્લાના અધિકારીઓને વિડીયો કોન્ફરન્સથી સંબોધ્યા હતા. જેમાં વિવિધ સુચનો કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને પગલે જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ગ્રામીણ ક્ષેત્રમાં ડીજીટલ નાણાંકીય જાગૃતિ કેળવવા માટે માર્ચ-૨૦૧૭ સુધીમાં મનરેગા યોજનાના સો ટકા લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક ભારત સરકાર દ્વારા રખાયો છે. આ માટે માસ્ટર તાલીમ આપનારાઓની ટીમ જિલ્લા અને જુથ સ્તરે સહિત વિવિધ ક્ષેત્રે તાલીમ આપશે. આ ઉપરાંત આધાર સીડીંગ થાય તે માટે પણ ખાસ સુચનો કરાયા હતો.

જિલ્લામાં જનધન ખાતા અને રૂપે કાર્ડ ધારકોના ખાતા આધાર કાર્ડથી લીંક કરવા બાબતે પણ ચર્ચાઓ કરાઈ હતી. મહેસાણા જિલ્લામાં છેલ્લા ચાર દિવસમાં દશ હજારથી વધુ બેન્ક ખાતાઓ ખોલવામાં આવ્યા છે. માઈક્રો એ.ટી.એમ સહિત નવી કેશલેસ તકનીકી બાબતે ચર્ચા તેમજ




માગદર્શન અપાયું હતું. આ ઉપરાંત કેશલેસ વ્યવહાર બાબતે જે પણ વિભાગ કચેરી દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવશે તેને પ્રોત્સાહિત કરાશે. આ ઉપરાંત લોકોને ટેકનોલોજીની સમજણ મળી રહે તે માટે વિધાર્થીઓ, યુવાનોને જોડવાનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત આગામી સમયમાં કેશલેસ અને ડીજીટલ વ્યવહાર કરનારને પ્રોત્સાહન આપવામા આવનાર છે જે બાબતે પણ ખાસ ચર્ચા અને સમીક્ષા કરાઈ હતી. બેન્કીંગ સેવાઓમાં આધાર કાર્ડને કે.વાય.સી તરીકે માન્ય રાખવા અનુરોધ કરાયો હતો.

જિલ્લાની તમામ ગેસ એજન્સીઓને પી.ઓ.એસ.થી આવરી લેવા બાબતે ચર્ચા અને સમીક્ષા કરાઈ હતી. જિલ્લામા આગામી સમયમાં યોજાનાર સેવા સેતુ અને પ્રગતિ સેતુ કાર્યક્રમોમાં જિલ્લાની અગ્રણી બેન્કો ઉપસ્થિત રહી ગ્રાહકોમાં જાગૃતિ લાવે તેમજ કેશલેસ વ્યવહાર બાબતે સમજ આપે તે અંગેન ચર્ચાઓ કરાઈ હતી.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર રમેશ મેરજા, આસીટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુ સહિત જિલ્લાના અધિકારીઓ, બેન્કના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેશનલ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



હિંમતનગર, તા. ૩૦

કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આપત્તિમાં ગણતરીની મીનીટોમાં બચાવ કામગીરી શરૂ કરી દેશમાં ખડે પગે સેવા બજાવનાર મીલીટરી ગ્રુપ એટલે નેશનલ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) તાજેતરમાં રેલ અકસ્માત વખતે આપણે સૌએ ટીવી પર આ ટીમની કામગીરી જોઈ હતી, સાબરકાંઠા જીલ્લામાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ શાખા ધ્વારા જીલ્લામાં સાર્વત્રિક રીતે દરેક તાલુકામાં બે દિવસ એ પ્રમાણે ૨૮-૧૧ થી ૧૫-૧૨ સુધી કુલ ૧૭ દિવસ સુધીનું આયોજન કરેલ છે, આ ટીમ ધ્વારા છેલ્લા ૩ દિવસમાં ગાંભોઈ, મજરા અને સલાલ ખાતે કાર્યક્રમો યોજવામાં આવ્યા છે, ૨૫ પ્રકારની હેવી મશીનરી અને બચાવ કામગીરીના સાધનો સાથે ૩૦ જેટલા જવાનો દિલધડક કાર્યક્રમો આપી રહ્યા છે જેનો દરેક ગામના ગ્રામજનો, શાળાના વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ઈમરજન્સીના સંજોગોમાં ખુબ જ ઓછા સમયમાં બચાવ કામગીરી કરી ઘાયલ વ્યક્તિઓને કેવી રીતે બચાવવા, ગોલ્ડન અવર્સની કામગીરી કેવી રીતે બજાવવી તેના નિદર્શન આ કેમ્પમાં આપવામાં આવે છે, કોઈ પણ પ્રકારની આપત્તિ જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડું, આગ, અકસ્માત, બોમ્બપ્લાસ્ટ કે આતંકવાદી હુમલા વખતે સ્થાનીક લોકો પોતાનો બચાવ કેવી રીતે કરી શકે તથા બીજા લોકોને કેવી રીતે બચાવી શકે તેની જીવંત તાલીમ આ ગ્રુપ ધ્વારા અપાઈ રહી છે કલેકટર અને નિવાસી અધિક કલેકટર ધ્વારા વધુમાં વધુ લોકો આ કાર્યક્રમનો લાભ લે તે માટે મામલતદાર કચેરીને પણ સૂચિત કરેલ છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની જાહેરાત

# ગુજરાતનાં ૭૯૭ કરોડનાં માર્ગ સુવિધાનાં કામ મંજૂર

અમદાવાદ, તા.૩૦

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ મકાન મંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના થઈ રહેલ સર્વાંગી વિકાસને કારણે ગુજરાત દેશનું સ્ટેટ મોડલ બન્યું છે ત્યારે કેન્દ્ર સરકારે હકારાત્મક અભિગામ દાખવી સેન્ટ્રલ રોડ ફંડ અન્વયે ગુજરાતના ૭૯૭ કરોડના માર્ગ મજબુતીકરણ તથા પહોળા કરવાના કામો મંજુર કર્યા છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં સેન્ટ્રલ રોડ ફંડ યોજના હેઠળ રસ્તાના મજબુતીકરણ તથા પહોળા કરવાના કામોની દરખાસ્ત કેન્દ્ર સરકારને કરવામાં આવી હતી. તે પૈકી રાજયના ૨૪ જિલ્લાના ૩૯ કામોને ૭૯૭ કરોડના ખર્ચે મંજુરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ જે ૩૯ કામો મંજુર કરાયા છે. તેમાં રાજય રસ્તાના ૨૧ કામો તથા પંચાયત હસ્તકના ૧૮ રસ્તાના કામોનો સમાવેશ થાય છે. જેમાં રાજય સરકારના ૨૧ કામો પૈકી ૧૫ કામો ૩૬૦.૨૦ કિમીના રસ્તાઓ, ૪૬૪૫૨ લાખના ખર્ચે પહોળા અને મજબુત કરાશે. તથા ૬ કામોના ૧૨૦.૬૦ કિમીના રસ્તાઓનું ૬૫૦૬.૪૮ લાખના ખર્ચે મજબુતીકરણ કરાશે. જયારે ૩૩૦.૫૯ કિમીના પંચાયત હસ્તકના ૧૮ કામોને ૨૬૬૮૬.૭૧ લાખના ખર્ચે પહોળો અને મજબુત કરવામાં આવશે. આ યોજના હેઠળ કુલ ૮૧૧.૪૪ કિમીના ૩૯ કામો ૭૯૬૪૫.૧૯ લાખના ખર્ચે વર્ષ ૨૦૧૬-૧૭માં હાથ ધરવામાં આવી છે અને ત્વરિત આ કામો શરૂ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ૩૯ કામોનો લાભ અમદાવાદ, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, કચ્છ, વડોદરા, છોટા ઉદેપુર, મહીસાગર, દાહોદ, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, ડાંગ, રાજકોટ, મોરબી, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર અને પોરબંદર જીલ્લાઓને મળશે.




લાયન્સ કલબ ઓફ મોડાસા દ્વારા આયોજિત 'હંગર અને હેલ્થ ચેક અપ કેમ્પ' અંતર્ગત બ્લડ ગૃપ ચેક અપ કરવાનો કાર્યક્રમ ઝાલોદર પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૪૬ બાળકોને અલ્પાહાર તથા બ્લડ ગૃપ ચેક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લા. પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, ટ્રેઝરર નવિનભાઈ પટેલ, ભૂ. પ્રમુખ સુરેશભાઈ પટેલ, ભા. પરેશભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બંને ગૃહોમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પ્રથમ વખત તેમનું સન્માન કરવામાં આવ્યું નથી. આજ કારણસર અમારી પાર્ટી અને વિરોધ પક્ષોએ વોકઆઉટ કર્યો છે. મોડેથી કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, જ્યોતિરાદિત્ય સિંધિયાએ તૃણમુલ નેતા સુધીપ બંદોપાધ્યાય સાથે મળીને લોકસભા સ્પીકર સાથે વાત કરી હતી. આ નેતાઓએ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવાનો મામલો સ્પીકર સુમિત્રા મહાજનની સામે ઉઠાવ્યો હતો. સરકાર તરફથી કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુએ મોરચા સંભાળ્યા હતા. નગરોટા હુમલામાં સૈનાએ પોતાનું કોમ્બિંગ ઓપરેશન જારી રાખ્યું છે. નાયડુએ કહ્યું હતું કે, ઓપરેશન ખતમ થયા બાદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. નાયડુએ કહ્યું હતું કે, સંરક્ષણ અને દેશની સેનાને લઈને કોંગ્રેસ પાર્ટી રાજનીતિ રમી રહી છે તે કમનસીબ બાબત છે. જેટલીએ રાજ્યસભામાં કહ્યું હતું કે, જો વિપક્ષ નગરોટાને લઈને ચર્ચા ઈચ્છે છે તો સરકાર આના માટે તૈયાર છે. નોટબંધીના પરિણામ સ્વરુપે દેશમાં થયેલા મોતનો મુદ્દો જેડીયુના નેતા શરદ યાદવે ઉઠાવ્યો હતો. વડાપ્રધાન મોદી આજે લોકસભામાં ઉપસ્થિત રહ્યા હતા. નાયડુએ કહ્યું હતું કે, મોદી હાજર રહ્યા હોવા છતાં કોંગ્રેસ અને ડાબેરીઓએ વોકઆઉટ કેમ કર્યો છે તે સમજી શકાય તેમ નથી.

## જોગવાઈ યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, કલમ ૨૭૦એમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે. આવક અંગે ખોટી માહિતી આપનાર અથવા તો ગેરમાર્ગે દોરવા બદલ આ જોગવાઈ દંડની રાખવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, અન્ય બાબતોની સાથે સાથે જો કોઈ વ્યક્તિ આવક અંગે ખોટી માહિતી આપે છે તો ટેક્સ ઉપરાંત વધારાની દંડની રકમ તેને ચુકવવી પડશે. જેટલીએ કહ્યું હતું કે, જો વ્યક્તિગત દ્વારા રિટર્નમાં દર્શાવવામાં આવશે તો રોકડ ઉપર ૭૭ ટકા ટેક્સ લાગશે પરંતુ આના માટે ખાતરી આપવી પડશે. જો આવું નહીં કરી શકાશે તો રિટર્ન ઉપર દર્શાવવામાં આવેલી બિન સ્પષ્ટતા કરાયેલી રોકડ ઉપર ટેક્સ ૬૦ ટકા ટેક્સ અને ૨૫ ટકા સરચાર્જ ટેક્સ તેમજ ત્રણ ટકા સેસ ટેક્સ રહેશે. જે અગાઉ ૩૦ ટકા હતો. વધુમાં સર્ચ અને કબજે કરવા માટેનો દંડ વર્તમાન ૧૦-૨૦ ટકા વધારીને ૩૦ ટકા કરવામાં આવ્યો છે. આમા પણ જો કોઈ વ્યક્તિગત કબૂલાત કરે છે અને તેમના રિટર્નમાં આને દર્શાવે છે તો આ બાબત લાગૂ થશે પરંતુ જો તેઓ તેમના રિટર્ન ઉપર આને દર્શાવશે નહીં તો તેમના પર દંડ તરીકે આવકના ૬૦ ટકા સુધીનો ચાર્જ લાગૂ થશે. જેટલીએ અનેક બાબતોને બિલકુલ સ્પષ્ટરીતે રજૂ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, દંડની જોગવાઈ બદલવામાં આવી નથી. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનામાં નવી જોગવાઈ કરવામાં આવી છે.

## ડીસા આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌરાષ્ટ્ર ઉપરાંત મધ્ય, દક્ષિણ ગુજરાત અને અમદાવાદ-ગાંધીનગરનો સમાવેશ થાય છે. જાહેરસભા માટે આ યાજોન કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને વર્ષ ૨૦૧૭ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લેવા માટે પહેલાથી જ તૈયારી બતાવી છે. આ બેઠક ૯મીથી ૧૧મી જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરમાં યોજાશે જેમાં મોદી ગાંધીનગરમાં જ રોકાશે. આ ઉપરાંત નવમી જાન્યુઆરીના દિવસે મોદી વાયબ્રન્ટ સમિટ એક્ઝીબિશનનું ઉદ્દઘાટન કરશે. ગ્લોબલ સીઈઓ કોન્ક્લેવમાં હાજરી આપશે જ્યારે ૧૦મી જાન્યુઆરીના દિવસે નોબલ લિટરેચર કોન્ફરન્સમાં હાજરી આપશે. નોટબંધીના નિર્ણય બાદથી ગુજરાતની નરેન્દ્ર મોદીની આ સૌથી પહેલી યાત્રા રહેશે. જો કે, હજુ સુધી વડાપ્રધાન મોદીના ઉત્તર ગુજરાતના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો નથી પરંતુ આખરી ઓપ આપવાની કવાયત ચાલી રહી છે. ટૂંકમાં જ અંતિમ નિર્ણય લઈને વિસ્તૃત કાર્યક્રમ અંગેની વિગત ઉપલબ્ધ કરાવવામાં આવશે. વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે મોદીની ગુજરાત યાત્રાને લઈને ભાજપના કાર્યકરો અને ટોચના નેતાઓમાં પણ ઉત્સાહ વધી ગયો છે.

## રાષ્ટ્રગીત વગાડવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીજવસ્તુઓ પર પ્રિન્ટ કરી શકાય નહી. સુપ્રીમ કોર્ટે આજે જાહેર હિતની અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યુ છે કે રાષ્ટ્રગીત ટુંકમાં પણ વગાડી શકાય નહી. આ જાહેર હિતની અરજી શ્યામ નાયારણ ચૌક્સે દ્વારા દાખલ કરવામાં આવી હતી. જેના પર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ આપવામાં આવ્યો છે. આને લઈને હાલમાં માંગ પણ ઉઠી રહી હતી. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે દેશભરમાં સિનેમાહોલમાં જ્યારે પણ કોઈ ફિલ્મ રજૂ કરવામાં આવે ત્યારે તે પહેલા રાષ્ટ્રગીત વગાડી દેવામાં આવે તે જરૂરી છે. કેટલીક તર્કદાર દલીલો કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા આજે આપવામાં આવેલા નિર્દેશને લઈને તમામ લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. કેન્દ્ર અને તમામ રાજ્યોના સચિવોને કોર્ટે આ આદેશને લઈને સરક્યુલર પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયામાં પ્રકાશિત કરવાની મંજુરી આપી દીધી છે. હવે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાષ્ટ્રગીત વગાડતી વેળા સિનેમાગૃહમાં ઉપસ્થિત તમામ લોકોને ઉભા થઈને તેનું સન્માન કરવું પડશે. આ ચુકાદાનું તમામ લોકોએ સ્વાગત કર્યુ છે. કેટલાક લોકોએ હજુ પ્રતિક્રિયા આપી નથી પરંતુ આને લઈને સ્પષ્ટ પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા છે. અરજીમાં એવી માંગ કરવામાં આવી હતી કે, રાષ્ટ્રગીતને સરકારી કાર્યક્રમો અને અન્ય કાર્યક્રમોમાં ગાવવાના સંદર્ભમાં યોગ્ય નિયમો અને પ્રોટોકોલ નક્કી કરવા જોઈએ.

## ચેરમેન પદે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મોટા ભાગની સામાજિક સંસ્થાઓ, સાંસ્કૃતિક અને અનેકવિધ સંસ્થાઓમાં સેવાઓ પુરી પાડી છે.

નવા વરાયેલા વાઈસ ચેરમેન અશોકભાઈ આર. પટેલ ઉત્તર વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ મૂળ કોલવડા ગામના વતની છે. ગાંધીનગરના રાજકારણમાં ભારતીય જનતા પાર્ટીમાં ઘણા બધા વર્ષોથી અનેકવિધ વિવિધ હોદ્દાઓ પર સક્રિય કામગીરી બજાવેલ છે.

જ્યારે મેનેજીંગ ડિરેક્ટર મનુભાઈ બી. પટેલ ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેમરેન તરીકે હાલ કાર્યરત છે. તેઓ મુળ રીદ્રોલ ગામના વતની છે. ભારતીય જનતા પાર્ટીમાં વર્ષોથી વિવિધ હોદ્દાઓ પર સક્રિય કામગીરી કરી રહ્યા છે. ગાંધીનગરની ઘણી બધી સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓમાં પણ સેવા આપી રહ્યા છે.

ગાંધીનગર બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં સર્વાનુમતે આ તમામ હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજર અને સ્ટાફ પરિવારે નવા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી છે.

## ૬ વાહનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકાસણીના હુકમોના પાલનમાં અનિયમિતતાને લઈ નારાજગી વ્યક્ત કરી સમયમર્યાદામાં આ કામગીરી સંપન્ન થાય તે જોવા તાકીદ કરી હતી.

સરકારની વડી કચેરીએથી આવતા પત્રોના પ્રત્યુત્તર આપવામાં પણ દાખવવામાં આવતી ઉદાસીનતા સામે તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. વિકાસના કામો જે સ્વભંડોળમાંથી કરવાના છે તે પણ સમય મર્યાદામાં પૂર્ણ થવા જોઈએ તેવી તાકીદ કરી હતી.

# ગાંધીનગરમાં એરટેલની ફોર-જી સર્વિસ શરૂ

## એરટેલે પ્રિપેડ ગ્રાહકો માટે ૪જીની આકર્ષક ઓફર રજૂ કરી : પ્રત્યેક નવા ૪જી મોબાઈલ હેન્ડસેટ સાથે પ્રી-પેઈડ ગ્રાહકો માત્ર ૨૪૯માં ૧૦ જીબી ૪જી ડેટાનો આનંદ માણી શકશે

ગાંધીનગર, તા. ૩૦

ભારતની સૌથી મોટી ટેલિકોમ્યુનિકેશન્સ સર્વિસીસ પ્રોવાઈડર ભારતી એરટેલે આજે ગાંધીનગરમાં તેની ફોર-જી સર્વિસીસ શરૂ કરવાની જાહેરાત કરી છે. એરટેલ ફોર-જી ઝડપી મોબાઈલ બ્રોડબેન્ડ સ્પીડ્સ પૂરી પાડશે અને ગ્રાહકોને એચડી વીડિયો સ્ટ્રીમિંગ, સુપરફાસ્ટ અપલોડિંગ તથા મુવીસ, મ્યુઝિક અને ઈમેજીસના ડાઉનલોડિંગ અને આ બધું જ કોઈપણ અવરોધ વિના માણવા સક્ષમ બનાવે છે. ગ્રાહકો રૂપિયાનું પૂરેપૂરું વળતર આપતા પ્રી-પેઈડ અને પોસ્ટ પેઈડ પ્લાન્સ સાથે મોબાઈલ ફોન્સ, ફોર-જી એમઆઈએફઆી અને ડોન્ગલ સહિત વ્યાપક સ્માર્ટ ડિવાઈસીસ પર ફોર-જીનો આનંદ માણી શકે છે.

એરટેલ ફોર-જી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, ભાવનગર, અંકલેશ્વર અને ડિસામાં ઉપલબ્ધ છે ત્યારે એરટેલે ફોર-જી માટે ગુજરાતમાં ૧૮૦૦ એમએચઝેડ (એફડી એલટીઈ)ના સ્પેક્ટ્રમ બેન્ડનો ઉપયોગ શરૂ કર્યો છે, જે ઉચ્ચ સ્તરની સ્પેક્ટ્રમ કાર્યક્ષમતા અને અપલોડ તથા ડાઉનલોડની સ્પીડ્સ વધારવાની ખાતરી આપે છે અને તે ગ્રાહકોને શ્રેષ્ઠતમ અનુભવ પૂરો પાડશે.

આ લોન્ચિંગ અંગે ટીપ્પણી કરતાં ભારતી એરટેલ લિમિટેડના ગુજરાત ખાતેના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મૂર્તિ ચગંતિએ જણાવ્યું હતું કે, 'ગાંધીનગરમાં અમારી ફોર-જી સેવા લોન્ચ કરીને અમે ખૂબ જ આનંદ અનુભવીએ છીએ. અમારા મૂલ્યવાન ગ્રાહકો હવે પ્રી-પેઈડ, પોસ્ટ પેઈડ અને ડિવાઈસીસ માટે અમારા રૂપિયાનું પૂરેપૂરું વળતર આપતા પ્લાન્સ સાથે કોઈપણ વધારાના ખર્ચ વિના ફોર-જી અપગ્રેડ કરાવી શકે છે. ભારતના સૌથી વ્યાપક ફોર-જી નેટવર્ક એરટેલ ફોર-જી સાથે અમારા ગ્રાહકોનો સ્માર્ટફોન અનુભવ અદ્દભૂત રહેશે તેવો અમને વિશ્વાસ છે.' એરટેલે પ્રિપેડ ગ્રાહકો માટે નવી ફોર-જી ઓફરની જાહેરાત કરી છે, જે મુજબ હવે ગ્રાહકો કોઈપણ નવા ફોર-જી હેન્ડસેટ સાથે પ્રી-પેઈડમાં માત્ર રૂ. ૨૪૯માં ૧૦ જીબી ફોર-જી ડેટાનો આનંદ માણી શકશે. આ ઓફર સાથે ૧ જીબી ડેટા તુરંત ગ્રાહકના ખાતામાં ક્રેડિટ કરાશે અને વધારાનો ૯ જીબી ડેટા ગ્રાહકો માય એરટેલ એપ મારફત કલેમ કરી શકશે. ગ્રાહકો આ ઓફર હેઠળ ૯૦ દિવસની અંદર મહત્તમ ૩ રિચાર્જ કરાવી શકે છે. જ્યારે પોસ્ટ પેઈડમાં માત્ર ૨૫૦માં ૧૦ જીબી ફોર-જી ડેટાનો આનંદ માણી શકશે. આ ઓફર સાથે ૧ જીબી ડેટા તુરંત ગ્રાહકના ખાતામાં ક્રેડિટ કરાશે અને વધારાનો ૯ જીબી ડેટા ગ્રાહકો માય એરટેલ એપ મારફત કલેમ કરી શકશે. ફોર-જી ડિવાઈસીસ માટે માસિક પ્લાન્સ ૪૫૦ની કિંમતે શરૂ થાય છે અને ગ્રાહકો ૩૨૦૦થી શરૂ થતા આકર્ષક એડવાન્સ ભાડા પ્લાન્સ પર તેમની નવી ડિવાઈસ તદ્દન મફતમાં મેળવી શકે છે.

**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER 2016

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 30.09.2016 (Unaudited) | Half year ended 30.09.2016 (Unaudited) | Quarter ended 30.09.2015 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 25,800.66 | 51,614.13 | 25,278.05 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 19,647.83 | 38,455.05 | 16,953.23 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 19,647.83 | 38,455.05 | 16,953.23 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 12,983.19 | 25,109.42 | 10,925.92 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 12,843.49 | 24,949.06 | 10,870.23 |
| 6 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,346.66 | 56,346.66 | 56,310.07 |
| 7 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.28 | 4.43 | 1.93 |
| | b) Diluted EPS( Rs.) (face value of Rs. 10/- each) | 2.27 (not annualised) | 4.42 (not annualised) | 1.93 (not annualised) |
| 7 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.28 | 4.43 | 1.93 |
| | b) Diluted EPS( Rs.) (face value of Rs. 10/- each) | 2.27 (not annualised) | 4.42 (not annualised) | 1.93 (not annualised) |

Notes:
(1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
(2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 30th November, 2016.
(3) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified / regrouped / restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 30th November, 2016

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director